વર્તમાન જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોના વિભાજનથી નવી બેંકો ઊભી કરાશે

દાહોદ, છોટાઉદેપુર, આણંદ સહિત 9 જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો રચાશે

ગુજરાતમાં 9 નવી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો (DCCB)ની રચનાને કેબિનેટની સૈદ્ધાંતિક મંજૂરી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 31

ગુજરાતમાં સહકારી ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં ગુજરાતમાં 09 નવી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો (DCCB)ની રચનાને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. આ અંગે પ્રેસ-મીડિયાને માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, આ નિર્ણયથી ખેડૂતો અને ગ્રામીણ નાગરિકોને બેંકિંગ સુવિધાઓ વધુ સરળતાથી ઉપલબ્ધ થશે.

પ્રવક્તા મંત્રીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ દેશના તમામ જિલ્લાઓમાં ગ્રામ્ય સહકારી બેંકોનો વ્યાપ વધારવાના ઉદ્દેશથી કેન્દ્ર સરકાર અને સહકારિતા મંત્રાલય દ્વારા વિશેષ પહેલ હાથ ધરવામાં આવી છે. આ પહેલના ભાગરૂપે નાબાર્ડ દ્વારા દેશના કેટલાક જિલ્લાઓમાં નવી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોની રચના માટે એપ્રોચ નોટ રજૂ કરવામાં આવી હતી, જેમાં ગુજરાતમાં પણ ૦૯ નવી બેંકોની રચનાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો.

કેબિનેટના નિર્ણય મુજબ, દાહોદ, અરવલ્લી, તાપી, છોટાઉદેપુર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, આણંદ, ડાંગ અને નવસારી જિલ્લામાં નવી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોની રચના કરવામાં આવશે. આ માટે રાજ્યની વર્તમાન જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોના વિભાજનથી નવી બેંકો ઊભી કરાશે. પંચમહાલ બેંકમાંથી દાહોદ, સાબરકાંઠા બેંકમાંથી અરવલ્લી, સુરત બેંકમાંથી તાપી, વડોદરા બેંકમાંથી છોટાઉદેપુર, જામનગર બેંકમાંથી દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ બેંકમાંથી પોરબંદર, ખેડા બેંકમાંથી આણંદ તેમજ વલસાડ બેંકમાંથી ડાંગ અને નવસારી જિલ્લાઓ માટે નવી બેંકો રચાશે.

આ નવી બેંકોની રચના માટે રાજ્ય સરકાર નાબાર્ડ મારફતે ભારતીય રિઝર્વ બેંક (RBI)ને દરખાસ્ત મોકલશે અને ત્યારબાદ કાયદેસરની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ નિર્ણયથી છેવાડાના ખેડૂતોને ધિરાણ મેળવવામાં સરળતા મળશે તેમજ ગ્રામીણ અર્થતંત્રને નવી ગતિ મળશે, તેમ પ્રવક્તા મંત્રીએ જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, આણંદ, ખેડા જિલ્લો સહકારી ક્ષેત્રે વિશ્વમાં નામના મેળવી છે. અહીં અમૂલ ઉપરાંત અનેક સહકારી સંસ્થાઓએ સફળતા હાંસલ કરી છે. આ ઉપરાંત કેડીસીસી બેંક પણ સહકારી ક્ષેત્રે આણંદ, ખેડા જિલ્લાના ખેડૂતો માટે જીવાદોરી સમાન બની છે.

એમએસયુની વિદ્યાર્થિનીની શિષ્યવૃત્તિમાં પસંદગી

(પ્રતિનિધિ)વડોદરા,તા.31

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાના ફાર્મસી ફેકલ્ટીની વિદ્યાર્થિની પ્રિયા એસકે શર્માને માસ્ટર્સ ઇન ફાર્મસી ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રી સ્પેશિયલાઇઝેશનમાં અભ્યાસ કરતી અત્યંત પ્રતિષ્ઠિત સ્કોટ ફિઓલેક્સ શિષ્યવૃત્તિ એવોર્ડ 2025 માટે પસંદગી કરવામાં આવી છે. ફિઓલેક્સ શિષ્યવૃત્તિ ભારતમાં ઉચ્ચ પ્રદર્શન કરનારા ફાર્મસી વિદ્યાર્થીઓને સમર્થન આપે છે. જે વૈશ્વિક દવા ઉત્પાદનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતા પ્રદેશમાં પ્રતિભાની આગામી પેઢીને પ્રોત્સાહન આપવામાં મદદ કરે છે. આ પુરસ્કાર ગ્લોબલ સ્કોટ ટેકનોલોજી ગ્રુપના ભાગ રૂપે સ્કોટ ગ્લાસ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ દ્વારા આપવામાં આવે છે. વિદ્યાર્થિની પ્રિયાને શૈક્ષણિક સિદ્ધિઓ સ્કોટ ફિઓલેક્સ શિષ્યવૃત્તિ કાર્યક્રમના ભાગ રૂપે મળી છે.

વડોદરા શહેરની આંતરરાષ્ટ્રીય પતંગોત્સવમાં બાદબાકીથી રોષ

ગુજરાત ટુરિઝમના કાર્યક્રમમાં સુરત-રાજકોટ સહિતના શહેરો સ્થાન પામ્યા, પણ વડોદરા ગાયબ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 31

ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ દ્વારા દર વર્ષે ઉત્તરાયણ નિમિત્તે યોજાતા 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ'ના આયોજનમાં આ વખતે વડોદરા શહેર સાથે ઓરમાયું વર્તન કરવામાં આવ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. જાન્યુઆરી 2026માં યોજાનારા આ મહોત્સવના સત્તાવાર કાર્યક્રમમાંથી સંસ્કારી નગરી વડોદરાની બાદબાકી કરી દેવામાં આવતા સ્થાનિક પતંગબાજો અને ખેલૈયાઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. આ અન્યાય સામે 'ઈન્ટરનેશનલ કાઈટ ફ્લાયર્સ એસોસિએશન' દ્વારા ઉગ્ર વિરોધ નોંધાવી સરકાર અને કોર્પોરેશનના શાસકોને રજૂઆત કરવામાં આવી છે.

ચોંકાવનારી બાબત એ છે કે ગુજરાત ટુરિઝમની સત્તાવાર વેબસાઈટ પર પતંગોત્સવના સેક્શનમાંથી વડોદરાને લગતી તમામ માહિતી હટાવી લેવામાં આવી છે. એટલું જ નહીં, ભૂતકાળમાં વડોદરામાં યોજાયેલા ભવ્ય પતંગોત્સવોના ફોટોગ્રાફ્સ પણ ડિલીટ કરી દેવાયા છે. જ્યારે અન્ય શહેરોની તસવીરી ઝલક હજુ પણ વેબસાઈટ પર ઉપલબ્ધ છે. પ્રવાસન વિભાગ દ્વારા આ વખતે અમદાવાદ, રાજકોટ, સુરત, ધોલાવીરા, શિવરાજપુર બીચ, એકતાનગર અને વડનગરનો સમાવેશ કરાયો છે, પરંતુ વડોદરાને બાકાત રખાતા અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે.

વડોદરામાં અંદાજે 25 જેટલા એવા પતંગબાજો છે જેઓ પોતાની કલાત્મક અને મહાકાય પતંગો દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ મેળવી ચૂક્યા છે. વર્ષ 2001થી અમદાવાદની સાથે વડોદરામાં પણ આ ઉત્સવની શરૂઆત થઈ હતી. એસોસિએશનનું કહેવું છે કે, "વડોદરા એ કલા અને ઉત્સવની નગરી છે. અહીંના પતંગબાજો દર વર્ષે વિદેશી મહેમાનો સાથે મળીને આકાશને રંગીન બનાવે છે, ત્યારે અચાનક કોઈ અગમ્ય કારણોસર વડોદરાને સાઈડલાઈન કરવું એ શહેરીજનો સાથે અન્યાય છે. શહેરના અગ્રણીઓ અને પતંગબાજોમાં ચર્ચા છે કે વડોદરાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને મ્યુનિસિપલ કોર્પોરેશનના શાસકો આ મુદ્દે મૌન કેમ છે? જો વડોદરાને આ યાદીમાં ફરી સ્થાન અપાવવું હોય તો સરકારમાં વગદાર રજૂઆત કરવી જરૂરી છે.

વડોદરાના ગેંડા સર્કલ પાસે દબાણ હટાવાયા

વોર્ડ-18માં આક્રમક કાર્યવાહી કરી પાલિકાએ દબાણકર્તાઓને ખદેડ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા. 31

વડોદરા મહાનગરપાલિકાની દબાણ અને સિક્યુરિટી શાખા દ્વારા શહેરના માર્ગોને મોકળા કરવા અને ટ્રાફિકની સમસ્યા નિવારવા માટે બુધવાર, 31 ડિસેમ્બરના રોજ આક્રમક ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

પાલિકાની દબાણ શાખાની ટીમે વહેલી સવારથી જ શહેરના વ્યસ્ત વિસ્તારોમાં કામગીરી શરૂ કરી હતી. જેમાં કાલાઘોડા વિસ્તાર, કમાટીબાગ ગેટ નંબર-02 પાસે, EME સર્કલ અને હરણી એરપોર્ટ ગેટ નંબર-02 ની સામેના ભાગે ફૂટપાથ અને માર્ગો પર નડતરરૂપ દબાણો દૂર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, કમલા નગર તળાવથી લઈને દુમાડ ચોકડી સુધીના લાંબા પટ્ટામાં પણ દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવી હતી. અમિત નગર બ્રિજ નીચે અને ફતેગંજ બ્રિજ પાસે અરવિંદ બાગ તથા BSNL ગ્રાઉન્ડ આસપાસ જમા થયેલા દબાણોનો સફાયો કરવામાં આવ્યો હતો.

શહેરના ગેંડા સર્કલ પાસે અડિંગો જમાવીને બેઠેલા શ્રમિકોને હટાવીને માર્ગ ખુલ્લો કરવામાં આવ્યો હતો. વોર્ડ નંબર 11 માં પણ દશામાં તળાવની બાજુમાં આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડના કમ્પાઉન્ડની બહાર ડેરો નાખીને બેઠેલા શ્રમિકોને ત્યાંથી હટી જવા માટે પાલિકાના અધિકારીઓ દ્વારા મૌખિક સૂચના આપવામાં આવી હતી, જેથી ભવિષ્યમાં ત્યાં ટ્રાફિકની સમસ્યા ન સર્જાય. આ ઝુંબેશ દરમિયાન સૌથી મોટી કાર્યવાહી વોર્ડ નંબર 18 માં જોવા મળી હતી. વોર્ડની ટીમને સાથે રાખીને વોર્ડ ઓફિસની આજુબાજુ બનાવવામાં આવેલા કાચા ઝુંપડાઓના દબાણ તોડી પાડવામાં આવ્યા હતા.

રાજ્ય સરકારની નવા વર્ષમાં મોંઘવારીની ભેટ, એસટી ભાડા ત્રણ ટકા વધારી દીધા

રાજ્યમાં નિયમીત રૂપે એસ.ટી. બસની મુસાફરી કરતા ૨૭ લાખથી વધુ મુસાફરો પર અસર

(પ્રતિનિધિ) વડોદરા, તા. 31

નવા વર્ષ 2026ની શરૂઆત સાથે જ ગુજરાતના લાખો મુસાફરોને મોંઘવારીનો વધુ એક ઝાટકો લાગ્યો છે. ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (જીએસઆરટીએસ) દ્વારા રાજ્યભરમાં એસટી બસના ભાડા દરમાં સરેરાશ ૩ ટકાનો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય 31 ડિસેમ્બરની મધરાતથી અમલમાં આવશે, જેના કારણે રોજબરોજ એસટી બસમાં મુસાફરી કરતા અંદાજિત ૨૭ લાખથી વધુ મુસાફરો પર સીધી અસર પડશે.

જીએસઆરટીસી દ્વારા જાહેર કરાયેલી માહિતી અનુસાર, 1 જાન્યુઆરી 2026થી રાજ્યભરની તમામ એસટી બસ સેવાઓમાં નવા ભાડા દર લાગુ થશે. નિગમના જણાવ્યા મુજબ મુસાફરોને વધુ સારી, સુરક્ષિત અને ગુણવત્તાયુક્ત પરિવહન સેવાઓ પૂરી પાડવા માટે આ નિર્ણય લેવાયો છે. ડીઝલના વધતા ભાવ, બસોની જાળવણી ખર્ચ, કર્મચારીઓના પગાર તેમજ અન્ય સંચાલન ખર્ચમાં સતત વધારો થતો હોવાના કારણે ભાડામાં આંશિક વધારો કરવો અનિવાર્ય બન્યો છે.

ગુજરાતમાં એસટી બસ સેવા પર દરરોજ લાખો લોકો નિર્ભર છે. ખાસ કરીને વિદ્યાર્થીઓ, નોકરીયાત વર્ગ, મજૂરો તેમજ ગ્રામ્ય વિસ્તારોના મુસાફરો માટે એસટી પરિવહન મુખ્ય સાધન માનવામાં આવે છે. ભાડામાં થયેલા વધારાથી હવે દૈનિક મુસાફરીનો ખર્ચ વધશે, જેના કારણે સામાન્ય જનતાના ખિસ્સા પર વધારાનો ભાર પડશે.

નવા વર્ષની શરૂઆત સાથે જ ભાડા વધારાના નિર્ણયને લઈને મુસાફરોમાં મિશ્ર પ્રતિભાવ જોવા મળી રહ્યો છે. કેટલાક મુસાફરો આ વધારાને મોંઘવારીનો વધુ એક બોજ ગણાવી રહ્યા છે, જ્યારે કેટલાક લોકો વધુ સુવિધાજનક અને સુરક્ષિત બસ સેવા મળશે તેવી આશા વ્યક્ત કરી રહ્યા છે.

વડોદરા કોર્પોરેશનના સીટી એન્જિનિયર 93 દિ'ની રજા પર

માતાની માંદગીનું કારણ ધરી ૨૫ માર્ચ સુધી રજા મંજૂર કરાવી: કામો પર અસર પડવાની ભીતિ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 31

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના સીટી એન્જિનિયર આગામી 93 દિવસ માટે રજા પર ઉતરી ગયા છે, જેને પગલે કોર્પોરેશનના વહીવટી વર્તુળોમાં વિવિધ ચર્ચાઓ જાગી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સીટી એન્જિનિયર દ્વારા વ્યક્તિગત કારણોસર મૂકવામાં આવેલી આ લાંબી રજા મંજૂર કરવામાં આવી છે.

સીટી એન્જિનિયરે પોતાની રજાના રિપોર્ટમાં જણાવ્યું છે કે તેમના માતાના પગમાં ફ્રેક્ચર થયું હોવાથી તેમની સારવાર અને દેખભાળ માટે હાજર રહેવું અનિવાર્ય છે. આ પારિવારિક જવાબદારીને ધ્યાનમાં રાખીને તેમણે રજાની માંગણી કરી હતી.

તંત્ર દ્વારા તેમની 23 ડિસેમ્બરથી લઈને 25 માર્ચ સુધીની, એટલે કે કુલ 93 દિવસની રજા મંજૂર કરવામાં આવી છે. આટલા લાંબા સમય સુધી મુખ્ય એન્જિનિયરની ગેરહાજરીમાં કોર્પોરેશનના મહત્વના પ્રોજેક્ટ્સ અને કામગીરી પર શું અસર પડશે તે જોવાનું રહેશે.

વડોદરા શહેરના વિકાસ કાર્યો અને પ્રિ-મોન્સૂન કામગીરી અગાઉ આટલી લાંબી રજા ચર્ચાનો વિષય બની છે. હાલમાં આ જવાબદારી અન્ય કયા અધિકારીને સોંપવામાં આવશે તે અંગેની સત્તાવાર માહિતીની રાહ જોવાઈ રહી છે.

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવી જણાવીએ છીએ કે, ગુજરાત રાજ્યના વડોદરા ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ તાલુકા કરજણના મોજે ગામ માંગલેજના નવો સર્વે નં. ૪૧૪, જુનો સર્વે નં. ૨૧૭/પિકી, જેનું ક્ષેત્રફળ હે.આરે. ૨-૦૨-૩૪ ચો.મી. જેના આકાર રૂા. ૨૩.૫૨ પૈસાવાળી જુની શરતની જમીન તથા બીજા હકકમાં બીનખેતીના હેતુ માટે પ્રિમીયમને પાત્રવાળી જમીન તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકક, હિસ્સા સહિતની જમીન તથા ઉપર આવેલા તમામ ઝાડ, બીડ, સહિત તથા રાસુકા વપરાશના હકકો સહિતની જમીન (૧) સકેનાજબેન સીદીકમીયા સંધી, (૨) મુમતાજબેન સીદીકમીયા સંધી, (૩) જાવીદ નજીરભાઇ સંધી, (૪) નિલોફર નજીરભાઇ સંધી, (૫) રઇશભાઇ એયુબભાઇ સંધી, (૬) સૈયદ એયુબભાઇ સંધી, (૭) સાચેમાબાનુ એયુબભાઇ સંધીનાઓની માલીકી, કબજા ભોગવટા હેઠળની હોવાનું જણાવી સદરહુ જમીન મારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. સદરહુ જમીનમાં ઉપર જણાવેલ શખ્સ સિવાય અન્ય કોઇના કોઇપણ પ્રકારના હકક, હિત, લાગભાગ, દરદાવો, હિસ્સો, ગીરો, લોન વિગેરે હોય યા વપરાશના હકકો કે ઇઝમેન્ટ સ્વરૂપના હકકો યા કોઇ બેન્ક કે નાણાંકીય સંસ્થાનો બોજો તેમજ કંઇપણ હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં લેખિત પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી, મુદત વિત્યે કોઇના કોઇપણ જાતની તર-તકરાર ચાલશે નહી અને તેમણે પોતાના તમામ હકક, હિસ્સો, દરદાવો જતો કર્યો છે તેમ માની મારા અસીલ સદરહુ વ્યવહાર પુર્ણ કરી પાકા વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. તેમજ ઉપરોકત જમીનનું ટાઇટલ આપી દેવામાં આવશે, પાછળથી કોઇની કોઇપણ જાતની તર-તકરાર કાયદામાં ગ્રાહ્ય ગણાશે નહી, તેમજ રદ ગણાશે જેની હેવટની નોંધ લેવી.

ઓફિસઃ એફ-૫, પ્રમુખદર્શન એપાર્ટમેન્ટ-બી,મગનનગર-૨, ધનમોરા પાસે, કતારગામ, સુરત. મો.૯૮૨૪૮ ૧૮૩૯૦, ૯૯૭૯૯ ૪૧૧૬૬

પ્રબોધ બી. રાવળ (એડવોકેટ)

કીમ-અંકલેશ્વર એક્સપ્રેસ-વેના લોકાર્પણને હજુ અઠવાડિયું બાકી

રોડનું સિમેન્ટ કોન્ક્રીટ કામ પૂર્ણ થઈ ચૂક્યું છે, પરંતુ હજી કેટલાક નાના કામો બાકી હોવાથી માર્ગ ખોલવામાં વિલંબ

(પ્રતિનિધિ) ભરૂચ, તા. 31

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેના વડોદરા-મુંબઈ વિભાગના પેકેજ-5 અંતર્ગત આવતો કીમ-દહેગામ (અંકલેશ્વર નજીક) સ્ટ્રેચ શરૂ કરવા પૂર્વે અંતિમ તૈયારીના ભાગરૂપે National Highways Authority of Indiaના રિજિયોનલ હેડ સુનિલ યાદવ દ્વારા 30 અને 31 ડિસેમ્બરે બે દિવસીય સાઇટ વિઝિટ કરવામાં આવી હતી. રોડનું સિમેન્ટ કોન્ક્રીટ કામ પૂર્ણ થઈ ચૂક્યું છે, પરંતુ સલામતીને ધ્યાનમાં રાખીને હજી કેટલાક નાના કામો બાકી હોવાથી

કીમ સુધી એક્સપ્રેસ-વે શરૂ કરવા એક અઠવાડિયાની વધુ રાહ જોવી પડશે.

મળતી માહિતી મુજબ, દહેગામથી કીમ સુધીનો માર્ગ લગભગ પૂર્ણ થઈ ગયો છે. જોકે રોડ પર પટ્ટા મારવાના, સેફટી બોર્ડ અને અન્ય સાઈનબોર્ડ લગાવવાના કામો બાકી છે. આ કારણસર અગાઉ 31 ડિસેમ્બરે રોડ શરૂ કરવાનો નિર્ણય અટકાવવામાં આવ્યો હતો. હવે આ બાકી કામગીરી 2026ના નવા વર્ષમાં પૂર્ણ કરીને શુભમૂર્હતે માર્ગ વાહન વ્યવહાર માટે ખુલ્લો મૂકવાની સંભાવના છે.

NHAI દ્વારા સલામતીને સર્વોચ્ચ પ્રાધાન્ય આપીને કામ ઝડપથી પૂર્ણ કરવા માટે આખી ટીમ ઉતારી દેવામાં આવી છે. અંદાજે 30 કિમી વિસ્તારમાં 300 જેટલા કામદારો, 10 બૂમર મશીન, 25 JCB અને 11 હિટાચી મશીનો રાત-દિવસ કામે લગાડવામાં આવ્યા છે. રોડ પર પટ્ટા મારવાનું કામ બુધવાર રાત્રે પૂરું થઈ જશે તેવી શક્યતા હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. આ બાબતે ભરૂચના NHAI પ્રોજેક્ટ ડાયરેક્ટર એસ કે યાદવ સાથે ટેલિફોનિક વાતચીતમાં જણાવાયું હતું કે સિમેન્ટ કોન્ક્રીટનું મુખ્ય કામ પૂર્ણ થઈ ગયું છે. જોકે, એકાદ જગ્યાએ સ્ટ્રેન્થ સંબંધિત મુદ્દા હોવાથી તે તાત્કાલિક સુધારવામાં આવશે. તમામ સલામતી માપદંડો પૂર્ણ થયા બાદ ટૂંક સમયમાં કીમ-દહેગામ એક્સપ્રેસ-વે વાહન વ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવશે.

પશ્ચિમ રેલવેએ વિવિધ 4 જોડી ટ્રેનોના ભાડા પર ફેરા લંબાવ્યા

(પ્રતિનિધિ)વડોદરા,તા.31

મુસાફરોની સુવિધા અને તેમની મુસાફરીની માંગને ધ્યાનમાં રાખીને, પશ્ચિમ રેલવેએ ખાસ ભાડા પર 4 જોડી ખાસ ટ્રેનોના ફેરા લંબાવ્યા છે. જેમાં બાંદ્રા ટર્મિનસ - ભગત કી કોઠી સ્પેશિયલ સાપ્તાહિક, બાંદ્રા ટર્મિનસ - અજમેર સ્પેશિયલ, ઉધના - મેંગલુરુ સ્પેશિયલ પખડવાડિયા, અને ઉધના - ખુર્દા રોડ સ્પેશિયલ સાપ્તાહિક ટ્રેનનો સમાવેશ થાય છે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેક દ્વારા જણાવ્યા મુજબ ટ્રેન નં.04828 /04827 બાંદ્રા ટર્મિનસ - ભગત કી કોઠી સ્પેશિયલ સાપ્તાહિક, ટ્રેન નં. 04828 બાંદ્રા ટર્મિનસ - ભગત કી કોઠી સ્પેશિયલ 1 ફેબ્રુઆરી સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નં. 04827 ભગત કી કોઠી - બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ 1 જાન્યુઆરી સુધી લંબાવવામાં આવી છે. ટ્રેન નં. 09622/09621 બાંદ્રા ટર્મિનસ - અજમેર સ્પેશિયલ (સાપ્તાહિક), ટ્રેન નં.09622 બાંદ્રા ટર્મિનસ - અજમેર સ્પેશિયલ 26 જાન્યુઆરી સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નં. 09621 અજમેર - બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ 25 જાન્યુઆરી સુધી લંબાવવામાં આવી છે. ટ્રેન નં. 09057/09058 ઉધના - મેંગલુરુ સ્પેશિયલ પખડવાડિયા, ટ્રેન નં. 09057 ઉધના - મેંગલુરુ સ્પેશિયલ 28 જાન્યુઆરી, સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નં. 09058 મેંગલુરુ - ઉધના સ્પેશિયલ 29 જાન્યુઆરી સુધી લંબાવવામાં આવી છે. ટ્રેન નં. 09059/ 09060 ઉધના - ખુર્દા રોડ સ્પેશિયલ સાપ્તાહિક, ટ્રેન નં. 09059 ઉધના - ખુર્દા રોડ સ્પેશિયલ 25 ફેબ્રુઆરી સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નં.09060 ખુર્દા રોડ - ઉધના સ્પેશિયલ 27 ફેબ્રુઆરી સુધી લંબાવવામાં આવી છે.

વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

વડોદરા મહાનગરપાલિકામાં ધી એપ્રેન્ટીસ એકટ-૧૯૬૧ અને માન. મુખ્યમંત્રી એપ્રેન્ટીશ યોજના હેઠળ વર્ષ-૨૦૨૫ માં નીચે જણાવેલ ટ્રેડમાં એપ્રેન્ટીસની જગ્યાઓ ભરવા લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી તા.૦૨-૦૧-૨૦૨૬ (બપોર ૧૨-૦૦ કલાક) થી તા.૧૬-૦૧-૨૦૨૬ (રાત્રે ૧૧-૫૯ કલાક) સુધીમાં ઓનલાઇન અરજી મંગાવવામાં આવે છે.

અનુ	ટ્રેડનું નામ	લાયકાત
૧.	ઓફિસ ઓપરેશન્સ એકઝીકયુટીવ	સ્નાતક - (BA/ B.Com/BBA)
૨.	કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામીંગ આસી.	આઇ.ટી.આઇ.ટ્રેડ પાસ
૩.	વાયરમેન	આઇ.ટી.આઇ. ટ્રેડ પાસ
૪.	ઇલેકટ્રીશ્યન	આઇ.ટી.આઇ. ટ્રેડ પાસ
૫.	ફીટર	આઇ.ટી.આઇ. ટ્રેડ પાસ
૬.	રેફ્રીજરેશન એન્ડ એરકન્ડીશન મીકેનીક	આઇ.ટી.આઇ. ટ્રેડ પાસ
૭.	ડ્રાફટસમેન સિવિલ	આઇ.ટી.આઇ. ટ્રેડ પાસ
૮.	સર્વેયર	આઇ.ટી.આઇ. ટ્રેડ પાસ
૯.	હેલ્થ સેનેટરી ઇન્સ્પેકટર	આઇ.ટી.આઇ. ટ્રેડ પાસ
૧૦.	મીકેનીક મોટર વ્હીકલ	આઇ.ટી.આઇ. ટ્રેડ પાસ
૧૧.	મીકેનીક ડીઝલ	આઇ.ટી.આઇ. ટ્રેડ પાસ
૧૨.	મીકેનીક અર્થ મુવીંગ મશીનરી	આઇ.ટી.આઇ. ટ્રેડ પાસ
૧૩.	ડેસ્કટોપ પબ્લીશીંગ ઓપરેટર	આઇ.ટી.આઇ. ટ્રેડ પાસ
૧૪.	ઇન્ફોર્મેશન એન્ડ કોમ્યુનીકેશન ટેકનોલોજી સીસ્ટમ મેઇન્ટેનન્સ	આઇ.ટી.આઇ. ટ્રેડ પાસ
૧૫.	કોમ્પ્યુટર હાર્ડવેર એન્ડ નેટવર્ક મેઇન્ટેનન્સ	આઇ.ટી.આઇ. ટ્રેડ પાસ
૧૬.	મીકેનીક ઇલેકટ્રીક વ્હિકલ	આઇ.ટી.આઇ. ટ્રેડ પાસ
૧૭.	સર્ટીફિકેટ કોર્ષ ઇન વેબ ડિઝાઇનીંગ	આઇ.ટી.આઇ. ટ્રેડ પાસ
૧૮.	ઇલેકટ્રોનીક મીકેનીક	આઇ.ટી.આઇ. ટ્રેડ પાસ
૧૯.	ઇન્સ્ટ્રુમેન્ટ મીકેનીક	આઇ.ટી.આઇ. ટ્રેડ પાસ
૨૦.	ઓફિસ આસીસ્ટન્ટ (પ્યુન)	ધોરણ-૧૦ પાસ (વયમર્યાદા ૧૮ થી ૨૮ વર્ષ)

- એપ્રેન્ટીસને ધી એપ્રેન્ટીસ એકટ-૧૯૬૧ હેઠળ સ્ટાઇપેન્ડ ચુકવવામાં આવશે. **સ્થાનીક ઉમેદવારને પ્રાધાન્ય આપવામાં આવશે.**
- વડોદરા મહાનગરપાલિકામાં એપ્રેન્ટીસ તરીકે અરજી કરતાં પહેલા સૌ પ્રથમ દરેક ઉમેદવારે https://apprenticeshipindia.gov.in પોર્ટલ ઉપર એપ્રેન્ટીસ તરીકે રજીસ્ટ્રેશન કરી એપ્રેન્ટીસ પ્રોફાઇલમાં ફરજીયાત ekyc અપડેટ કરાવવાનું રહેશે.
- ઉમેદવારે https://apprenticeshipindia.gov.in પોર્ટલ ઉપર એપ્રેન્ટીસ તરીકે રજીસ્ટ્રેશન કરી eKYC તથા એપ્રેન્ટીસની પ્રોફાઇલની વિગત અપડેટ કર્યા બાદ જ https://vmc.gov.in/Recruitment/Recruitment.aspx ઉપર જઇ ઓનલાઇન અરજી કરવાની રહેશે.
- અગાઉ જે તે ટ્રેડમાં એપ્રેન્ટીસશીપ કરેલ ઉમેદવારોએ અરજી કરવી નહીં. જો ઉમેદવાર એપ્રેન્ટીસશીપ માટે અન્ય કોઇ એકમ/સંસ્થા સાથે કરાર નામાથી જોડાયેલ હશે તો તે ઉમેદવારની ઉમેદવારી રદ થવાપાત્ર થશે.
- ડોકયુમેન્ટ વેરીફીકેશન માટેની તારીખ તથા જરૂરી સુચનાઓ અરજી ફોર્મમાં દર્શાવેલ મોબાઇલ નંબર/ઇ-મેઇલ પર જાણ કરવામાં આવશે.જેથી ઓનલાઇન અરજી કરતાં સમયે મોબાઇલ નંબર તથા ઇ-મેઇલ એડ્રેસ સાચયેતી પુર્વક દર્શાવવાના રહેશે. ઇ-મેઇલ કે મોબાઇલ નંબર બદલાઇ જવાથી ભવિષ્યમાં ઉપસ્થિત થનાર પરિસ્થિતી માટે વડોદરા મહાનગરપાલિકા જવાબદાર રહેશે નહીં.
- લાયક ઉમેદવારના અરજી ફોર્મ તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઇ ઉમેદવાર એપ્રેન્ટીસ એકટ તથા જાહેરાતની જોગવાઇઓ મુજબ લાયકાત ધરાવતાં ન હોવાનું માલુમ પડશે અથવા જરૂરી પ્રમાણપત્રો વગરની માલુમ પડશે અથવા અરજી અને અસલ પ્રમાણપત્રો સાથે વિસંગતતા જણાશે તો તેમની ઉમેદવારી કોઇપણ તબકકે રદ કરવામાં આવશે.

પી.આર.ઓ.નં.૯૮૯/૨૫-૨૬ ડે.મ્યુનિસિપલ કમિશ્નર(વ)

વડોદરાપોલીસના 'પહેરા' વચ્ચે કોંગ્રેસની 'જનતા રેડ'

રાજા રામમોહનરાય સ્કૂલથી માત્ર 100 મીટર દૂર દારૂનો વેપાર

(પ્રતિનિધ) વડોદરા, તા. 31

વડોદરા 31 ડિસેમ્બરની ઉજવણીને ધ્યાનમાં રાખીને વડોદરા શહેર પોલીસ દ્વારા ઠેર-ઠેર સઘન ચેકિંગ અને 'ડ્રાઈવ' ચલાવવામાં આવી રહી હોવાના દાવા કરવામાં આવી રહ્યા છે. જોકે, આ કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે પણ બુટલેગરો બેફામ બન્યા હોવાનું સામે આવ્યું છે. આજે વડોદરા શહેર યુથ કોંગ્રેસ દ્વારા વાસણા તળાવ પાસે આવેલી એક શાળા નજીક જનતા રેડ કરી દેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડતા પોલીસની કામગીરી પર સવાલો ઉભા થયા છે.

વાસણા તળાવ પાસે આવેલી રાજા રામમોહનરાય સ્કૂલથી માત્ર 100 મીટરના અંતરે મોટા પાયે દેશી દારૂનો વેપાર ચાલી રહ્યો હોવાની બાતમી યુથ કોંગ્રેસને મળી હતી. 31મીની રાત્રે શહેરમાં દારૂની રેલમછેલ રોકવા માટે પોલીસ તૈનાત હોવા છતાં, રહેણાંક અને શૈક્ષણિક વિસ્તારની આટલી નજીક